# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૦ • તા.૧૪ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૩



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






વરાડીયામાં નવ નિર્માણાધિન ઉપાશ્રયનું રેખા ચિત્ર

# શ્રી વરાડીયા ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજનના નવા સંકલ્પો સાથે સ્નેહમિલન સંપન્ન

## સ્નેહમિલનનું મુખ્ય આકર્ષણ વરાડીયાના ઉપાશ્રયનું નવ નિર્માણ


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ચિંતા ચિતા સમાન

આધિ વ્યાધિ અને ઉપાધિ બધાને એક અથવા બીજા પ્રકારે સતાવે છે. ચિંતા તો જણ માત્રને પીડે છે, ચિંતા કોને નથી? એવી વ્યક્તિ કે એવો નફિકરો ઈન્સાન શોધવો મુશ્કેલ થઈ પડે એવું છે. પણ તેનો બોજ લઈ ફર્યા કરવાથી કંઈ વળવાનું નથી. ચિંતા એ એવી ઉધઈ છે જે સતત માંહ્યલાને ખોતરી ખોતરી ખોખલું કરી નાખે છે. મન, મગજ અને આત્મા ત્રણેયને અંદરથી કોતરીને ગુફા જેવા વિકરાળ, બિહામણા બનાવી દે છે. મોટા ભાગની ચિંતા એ બિનજરૂરી, નાહકની અને સ્વભાવગત ડર, ભય કે ભીતિથી થતી હોય છે. જેને મક્કમ મનથી ટાળી શકાય છે.

માણસને જેટલી વર્તમાનની ચિંતા નથી એટલી ફિકર ભવિષ્ય માટેની છે. સ્વાર્થ, ભય, લોભ અને લાલસાના કારણે ચિંતા ઉત્પન્ન થાય છે. ભૂતકાળમાં કરેલી ભૂલોને સ્મરી, ભવિષ્યમાં મારું શું થશે? તેની કલ્પના માત્રથી ચિંતાનો ફડફડાટ પેસી જાય છે. જીવનરૂપી સાગરમાં ભરતી અને ઓટ, તોફાન અને ઉછાળા આવતા રહે છે. જીવનમાં દુ:ખ, મુશ્કેલી અને આફતો આવ્યા કરે છે. કોઈ કાયમી સુખી કે દુ:ખી રહેતું નથી. આ એક એવું ચક્ર છે જે સદાય ફરતું રહે છે. સમય ચક્રમાં ફરતાં ફરતાં આપણે પણ ક્યારેક ઊંચા, તો ક્યારે નીચા રહી જઈએ છીએ. આ ઉન્નતિ અને અધોગતિની રમત જે ને ગણકારીએ તો તન, મન અને તંદુરસ્તીને કંઈ અસર થતી નથી.

ઘણીવાર દુ:ખ અને આપતિ આવ્યાની પહેલાં ભયથી માણસ ઢીલો પડી જાય છે. ખોટી ચિંતાથી જીવ બાળ્યા કરવાનો કંઈ મતલબ નથી. દુ:ખને વાગોળ્યાં કરવાથી એ વધતું રહેવાનું છે. પડશે એવા દેવાશેની નીતિ રાખનાર ખરાબ સમયને પણ સુખરૂપ લાંઘી શકે છે.

મોટા ભાગના દુ:ખો પોતાના મનની સર્જન પ્રક્રિયાથી પેદા થાય છે. દરેક પ્રશ્નનું નિરાકરણ શાંતિ ધીરજતા અને મક્કમતાથી થાય છે. ધૈર્ય હિંમત અને ડહાપણના ત્રિશૂળ શસ્ત્રથી જ તેનો ખાતમો થઈ શકે છે. આપણે કરેલી ભૂલોમાંથી પાઠ ગ્રહણ કરી શીખને સમજણ લઈએ તો દરેક મુસીબત કે ચિંતાનો સરળતાથી રસ્તો નીકળી શકે છે.

આપણી સમસ્યાનો ઉકેલ અન્ય પાસે માંગવાનો અર્થ નથી. ગામને મોંઢે ઢાંકણું રહેવાનું નથી અન્ય એકને પણ થયેલી જાણ ભવિષ્યમાં અનેકને થવાની છે એ સમજીને કોઈને આપણી વાતથી અવગત કરાવવું. આજને નજર સમક્ષ રાખી એતો ભવિષ્યની બિલકુલ ચિંતા કે ફિકર રહેવાની નથી. કેટલીક વખતે ઠોકર ખાવાથી પણ સભાનતા અને સજાગતા આવે છે. કંઈ ગુમાવવાથી જ નવું પ્રાપ્ત થાય છે. બીજ જમીનમાં દટાઈ પોતાનું અસ્તિત્વ ઓગાળે છે. ત્યારે જ વટવૃક્ષનું સર્જન થાય છે.

મોટા પ્રકારે ચિંતા ધનસંપત્તિ વારસાને લગતી હોય છે. સગા સંબંધીઓ કે વ્યવહારને લગતી હોય છે. ચિંતા કોઈપણ પ્રકારની હોય, નાની કે મોટી એ જીવ માટે ચિંતા પ્રગટાવવા જેવી છે. ચિંતા જેમ નશ્વર શરીરને ખાખ કરે છે. તેવી જ રીતે ચિંતા જીવતે જીવ માનવ મનખાને ક્રમશ રીતે રાખ કરીનાખે છે. માટે જ કહેવાયું છે. ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપબલ, જ્ઞાન, ચિંતા બડી અભાગણ ચિંતા ચિતા સમાન.

– જય જ્ઞાતિમૈયા

# સફળતા અને નિષ્ફળતાના લેખા જોખા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

'ઉગતા સૂરજને સૌ પૂજે' એ ઉક્તિ ઘણી પ્રચલિત છે. ઊગતો સૂરજ સૌને ગમે છે. કારણ કે અંધકારને દૂર હડસેલી સોનેરી પ્રકાશનો સામ્રાજ્ય પાથરે છે. જ્યારે આથમતો સૂરજ સૃષ્ટિ ઉપર અંધકારનું રાજ લાવે છે. જેને કારણે આથમતો સૂરજ કોઈને ગમતો નથી. આમ સવારનો સૂરજ આશાસ્પદ સમયનો સંકેત આપે છે જ્યારે સમી સાંજનો સૂર્ય નિરાશાનો ભાવ લાવે છે.

આવી જ વાત સફળતાને સમજવા માટે લેવી પડે. સફળતાને જાણવા નિષ્ફળતાનું વિશ્લેષણ કરવું જરૂરી છે. સફળતા જેટલી જ મહત્વની નિષ્ફળતા છે. નિષ્ફળતા છે એટલે જ સફળતા છે. આમ સફળતાના પાયામાં જ નિષ્ફળતા ધરબાયેલી છે. સિધ્ધિનો શિખર પોતાની ઉપર ઊંચકીને ભાર વેઠે છે ને તે છતાં સૌમાં બદનામ, અપ્રિય બને છે.

જેમ કોઈ હારે છે ત્યારે જ કોઈ એક જીતે છે. કોઈ એક પરીક્ષામાં ઓછા માર્કસ વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે છે. ત્યારે કોઈ એક વધુ માર્કસ લઈ આવનાર અવલ રહે છે. સફળતાનો ફાલ ત્યારે જ ઉતરે છે જ્યારે નિષ્ફળતાનું બીજ જમીનમાં રોપાય. સફળતા પોતે પોતાની અંદર નિષ્ફળતાને પાંગરવા દે છે ત્યારે જ સફળતા પોતે દૈદિપ્યમાન થઈને નિખરે છે.

માનવી માત્રને જીત પસંદ છે હાર નહીં. એવી જ રીતે સફળતાના ચાહક સૌ કોઈ થાય છે. પણ, નિષ્ફળતાની ચાહત કોઈ નથી રાખતું. ગીતાનો બોધ કહે છે કે હાર કે જીત, સફળતા કે નિષ્ફળતાનું પરિણામની પરવા કર્યા વગર નિષ્કામ થઈને તું માત્ર કર્મ કર. એટલે સફળતા મળે એ માટે જરૂર મથવું પણ જો તે છતાં નિષ્ફળતા હાથ લાગે તો હાથ પર હાથ ધરી ન બેસી રહેતાં સંકલ્પ દ્રઢ કરીને વધુ પૂરપાટ દોટ લગાવી સફળતાની પાછળ ભાગવું જોઈએ. હાર પામીને હતાશ ન થવું. ફરી જીતવા બેઠા થવું અને દોડવું જરૂરી છે. આમ સફળતા અને નિષ્ફળતાને સમાનતાથી જોવા જરૂરી છે. પણ આપણે સ્વભાવ વશ સફળતાને જ વધુ મહત્વ આપીએ છીએ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન તથા વરાડીયા સ્નેહમિલન સમિતિ આયોજિત

# વરાડીયા સ્નેહમિલન ૨૦૨૩

તા.૦૮.૦૧.૨૦૨૩ના મુલુંડમાં શ્રી જીવરાજ ભાણજી સ્મારક સભાગૃહમાં શ્રી નિરંજનભાઈ કેશવજીભાઈ મોમાયાના પ્રમુખ પદ હેઠળ વરાડીયા સ્નેહમિલન ૨૦૨૩ નું આયોજન કરવામાં આવેલ.


વરાડીયાના કેડીઓ ને સપરીવાર તથા વરાડીયાની પરિણિત નિયાણી બહેનોને સજોડે પધારવા આમંત્રણ અપાયેલ. અતિથિ વિશેષ તરીકે ડો.કાંતિલાલ નરશીભાઈ દંડ ઉપસ્થિત રહ્યા હતા.

સ્નેહમિલન મિલનનું મુખ્ય આકર્ષણ વરાડીયાના ઉપાશ્રયના નવ નિર્માણના દાતાશ્રીઓનું સન્માન તથા વરાડીયાનું નામ રોશન કરનાર કેટલાંક મહાનુભાવોનું સનમાન હતું. ત્યારબાદ શ્રી વરાડીયા જૈન મહિલા મંચના નેજા હેઠળ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયેલ જેમાં ૨૧ કલાકારો એ ઓજસ પાથરેલ. ઢોલ તથા શરણાઈના તાલ સાથે રાસ, ગરબા તથા ડી.જે.ના સંગાથે નાચગાનમાં બધા મન મુકીને બે કલાક સુધી આનંદ માણેલ.





સ્નેહમિલન સમારોહ પ્રમુખ શ્રી નિરંજનભાઈ કેશવજી મોમાયા તથા અતિથિ વિશેષ ડો. કાંતિલાલ નરશી દંડનું સન્માન કરવામાં આવેલ. વરાડીયામાં થઇ રહેલ ઉપાશ્રયના નવ નિર્માણ ના દાતાશ્રીઓ ની ભુરી ભુરી અનુમોદના સાથે સન્માન કરવામાં આવેલ.



**મુખ્ય દાતાશ્રી :**

**મા. મીનાબેન કલ્યાણજી વેલજી ધારશી મોમાયા, આદિપુર**

**(મુખ્ય બે પ્રવેશ દ્વાર તથા ઉપાશ્રય હોલ ના દરવાજા પર નામ તક્તિ)**

**સહાયક દાતાઓ :**

**મા. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી પરીવાર, હુબલી (સ્વાધ્યાય કક્ષ તથા ત્રીજા ગેટ પર નામ તક્તિ)**

**મા. મધુબેન લહેરચંદ રતનશી પાશવીર ડાઘા, ભાંડુપ (ગોચરી કક્ષ પર નામ તક્તિ)**







# વરાડીયા સ્નેહમિલન ૨૦૨૩

૧૨૦ વર્ષ જુના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના દેરાસરના શિલાલેખ પ્રમાણે શેઠ શ્રી દેવજીભાઈ મુરજીભાઈ મોમાયા એ સંવત ૧૯૫૯ (સન ૧૯03)માં દેરાસર બંધાવી સંઘને અર્પણ કરેલ. પણ એમનું નામ કોઈ પણ જુના-નવા વસતિ પત્રકમાં ન હોવાથી અને એમના પરીવારના વંશજો ને પણ કોઈ માહિતી ન હોવાથી એમના હયાત પરીવારજનોની કશી જ માહિતી ન હતી. છ એક મહિના ઉપરે વરાડીયા દેરાસરના જુના રેકોર્ડના નિકાલ કરતી વખતે અનાયાસે ટ્રસ્ટી - ટ્રેઝરર શ્રી દીપક ગંગાજર ડાઘાના હાથમાં સંવત ૧૯૯૨ની એક રસીદ બુક હાથમાં આવી જેમાં શ્રી મુરજી ઉકેડાના નામની એક રસીદ રકમ દોઢ કોરી (એ વખતનું કચ્છમાં ચલણ) નં.૫૮૫ તિથી સં. ૧૯૯૨, પોસ વદ સાતમ, શુક્રવાર માં વિગતમાં શ્રી દેવજી મુરજીનું નામ હતું તેથી કડી મળી કે શેઠનું પુરૂ નામ શા દેવજી મુરજી ઉકેડા છે અને વસતિ પત્રકના આધારે શ્રી મુરજી (મુલજી) ઉકેડા પરીવારની વિસ્તૃત માહિતી દીપકભાઈ એ તૈયાર કરી. એમના ઘણા હયાત વંશજો આ સ્નેહમિલનમાં પધાર્યા હતા અને બે પ્રતિનિધિઓ શ્રી સત્યેન પદમશી વેલજી મુલજી મોમાયા (સાંતાક્રુઝ, મુંબઈ) તથા મા.લીનાબેન હરીશ ચંદુલાલ કાનજી મુલજી મોમાયા (ઘાટકોપર, મુંબઈ)નું સન્માન કરવામાં આવેલ. મા.માંકબાઈ લઘાભાઈ મણશી મોમાયા ના પરીવારજનો તરફથી આઠ વર્ષ પહેલાં મળેલ માતબર દાનથી સન ૨૦૧૫થી વરાડીયામાં કાયમી ધોરણે ભોજનશાળા ચાલુ છે. શ્રી અમૃતલાલ લઘાભાઈ મોમાયા (મુંબઈ) એ ૨૫ વર્ષ પહેલાં ભોજનશાળા બંધાવીને સંઘને અર્પણ કરેલ. શ્રી જયંતીલાલ લઘાભાઈ મોમાયા (બેંગ્લોર) ભોજનશાળાને લગતી જરૂરી સાધનો, ટેબલ, કૂલર વગેરે પુરા પાડે છે. ફંડના વ્યાજમાંથી ભોજનશાળા સુપેરે ચાલી રહી છે. આવા દાનવીર મા.માંકબાઈમાંના સુપુત્રો શ્રી જયંતિલાલભાઈ તથા શ્રી અમૃતલાલભાઈનું સન્માન કરવામાં આવેલ.

**એ ઉપરાંત સમાજસેવા સહિત વિવિધ ક્ષેત્રોમાં નામના કાઢી વરાડીયાનું નામ રોશન કરનાર નિમ્નલિખિત મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવેલ**

★ શ્રી તિલકચંદ કરમચંદ આણંદજી વિકમશી, હુબલી
★ શ્રી હેમાંગ/ગૌરવ મણીકાંત મેઘજી મોમાયા, હૈદરાબાદ
★ શ્રી શરદ હેમરાજ કાનજી મોમાયા, હુબલી
★ શ્રીમતિ ગીતિકાબેન જયેશ દામજી વિકમશી, ખામગામ
★ સૌ. જયશ્રીબેન કાંતિલાલ નરશી દંડ, ઘાટકોપર, મુંબઈ
★ સૌ. પ્રિતીબેન યશવંત મહેન્દ્ર છેડા, ભાટાપારા.
★ સૌ.દિવ્યાબેન સમીર નરેન્દ્ર મોમાયા, નવી મુંબઈ
★ શ્રી હિરાલાલ હંસરાજ પરબત ડાઘા, માટુંગા, મુંબઈ
★ શ્રી પદમશી ચત્રભુજ ભીયશી ડાઘા, અમદાવાદ
★ શ્રી હેમંતભાઈ માણેકજી નરશી શાહ લોડાયા, કેનેડા
★ શ્રી પ્રફુલ્લ લખમશી નરશી  મોમાયા, કાંજુર માર્ગ, મુંબઈ
★ શ્રી દીપક ગંગાજર શાહ ડાઘા, મુલુંડ, મુંબઈ.








# વરાડીયા સ્નેહમિલન ૨૦૨૩











દરેક દાતા પરીવારો તથા સન્માર્થીઓને તિલક, હાર, શ્રીફળ તથા શાલથી સન્માન કરવામાં આવેલ. તે ઉપરાંત દરેક દાતા પરીવારને યાદગીરી રૂપે વરાડીયા દેરાસરના નામવાળો ચાંદીનો સિક્કો તથા અન્ય સન્માનિતો ને એમની ઉપલબ્ધીઓની ટુંક માહિતી તથા ફોટા સાથેનું લેમિનેટેડ મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

વિવિધ એનાઉન્સમેન્ટ તથા સન્માનિતો ના પરીચયની જવાબદારી એન્કર શ્રી ભાવિન પંકજ હેમરાજ મોમાયા (વરાડીયા) તથા ટ્રસ્ટીઓ શ્રી પદમ લાલજી લોડાયા, શ્રી રતિલાલ શામજી મોમાયા નલિન રતનશી ડાઘા તથા દીપક ગંગાજર ડાઘા એ સંભાળી હતી. ઉપરાંત ફોટોગ્રાફર શ્રી સંજય મોમાયા, કેટરર્સ શ્રી દિપેશ મોમાયા તથા ઢોલ - શરણાઈ વ્યવસ્થાપક (રાજેન્દ્ર ડાઘા) સર્વે વરાડીયાના જ છે. ફોટોગ્રાફર શ્રી સંજય મોમાયાની યુટ્યુબ ચેનલ પર સમગ્ર કાર્યક્રમ પ્રસારિત થયેલને ૯૦૦ જણે નિહાળેલ.






I ♥ Varadiya ના સેલ્ફી પોઈન્ટનું વિશિષ્ટ આકર્ષણ રહ્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક ૨૧ કલાકારોની પ્રોત્સાહન ઈનામ આપી અનુમોદના થઈ. બેસ્ટ ડ્રેસ

# વરાડીયા સ્નેહમિલન ૨૦૨૩











માટે છે ઈનામ અપાયા જેના નિર્ણાયક તરીકે ભાટાપારા થી પધારેલ વિવિધ ક્ષેત્રોમાં આગવું સ્થાન ધરાવનાર સૌ. પ્રિતીબેન યશવંત છેડા હતા.

શ્રી દિનેશ રામજી લોડાયાનીની વિનંતી અનુસાર વરાડીયા સ્નેહમિલન દરમ્યાન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના લાગા કાઉન્ટરની વ્યવસ્થા થયેલ જેમાં જ્ઞાતિજનો તરફથી રૂા.૩૦,૦૦૦ની રકમ એકઠી થઇ હતી.

શ્રી સમેતશિખરજી તથા શેત્રુંજય તિર્થ રક્ષા માટે ચાલતા સહી- અભિયાનમાં આ સ્નેહમિલન દરમ્યાન પણ સ્વયંમસેવકો ને ૧૩૫ ફોર્મ ઉપલબ્ધ થયેલ.



ચોવિહારની સુવિધા સહ મન ભાવન ભોજનનો આસ્વાદ પધારેલા ૪૦૦+ વ્યક્તિઓએ માણેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી વરાડીયા જેન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓ, શ્રી વરાડીયા સ્નેહમિલન ૨૦૨૩ના સમિતિ સભ્યો તથા શ્રી વરાડીયા મહિલા મંચના સભ્યો સહિત અન્ય સ્વયંસેવકોએ સારી જહેમત કરી સ્નેહમિલનને સફળ બનાવેલ.




# વરાડીયા સ્નેહમિલન ૨૦૨૩



## વર્તમાન ટ્રસ્ટીઓ (૨૦૧૯-૨૦૨૪)

**મેનેજીંગ ટ્રસ્ટી**

શ્રી અમૃતલાલ લધાભાઈ મોમાયા

**સેક્રેટરી – ટ્રસ્ટી**

શ્રી પદમ લાલજી લોડાયા

**ટ્રેઝરર – ટ્રસ્ટી**

શ્રી દીપક ગંગાજર ડાઘા

**અન્ય ટ્રસ્ટીઓ**

શ્રી તિલકચંદ કરમચંદ વિકમશી

શ્રી રતિલાલ શામજી મોમાયા

શ્રી નલિન રતનશી ડાઘા

શ્રી શરદ હેમરાજ મોમાયા

શ્રી અમિત પદમશી ડાઘા

શ્રી હેમાંગ મણીકાંત મોમાયા

શ્રી પ્રકાશ ભરત લોડાયા

## વરાડીયા સ્નેહમિલન સમિતિ ૨૦૨૩

દિપેશ ચિમનલાલ મોમાયા

અમિત શાંતિલાલ મોમાયા

હરીશ ધનજી ડાઘા

હેમિલ જયેશ દંડ

કિરીટ ધનજી મોમાયા

રતિલાલ શામજી મોમાયા

દીપક ગંગાજર ડાઘા

પદમ લાલજી લોડાયા

નલિન રતનશી ડાઘા

અમિત પદમશી ડાઘા

હેમંત ગુલાબચંદ મોમાયા

ચેતન શાંતિલાલ ડાઘા

ભુપેશ ચિમનલાલ મોમાયા





# મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પાંચ સુવર્ણ પેટ્રોન થનાર દાતાઓ અને તેમના પ્રેરક બનનાર જ્ઞાતિ પરિવારની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**માતુશ્રી વેજબાઈ વસનજી આણંદજી ગાલા (ખજુરવાલા)**

કચ્છ, મંજલ - પુના

**Haste:** Hiren Hemant Shah, Natasha H Shah, Mason & Chase H Shah
Hiten Hemant Shah, Jenifer H Shah ,
Jackson Kalp & Baby Avery Shah. Winnipeg, Canada.

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

માનવ ધર્મ પરોપકારનો પર્યાયી શબ્દ છે. એ સત્યને સાર્થક કરતા માતુશ્રી વેજબાઈ વશનજી આણંદજી ખજૂરવાળા કચ્છ મંજલ-પૂના આ પરિવારએ રૂા.૫૧ હજારનું ઉદાર અને અમૂલ્ય યોગદાન નોંધાવી સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે સહયોગ બન્યા છે. તેમના પુણ્ય કાર્યની અને જ્ઞાતિહિત ભાવના કદર કરી બહોળા મનભાવથી મોકળાશ ભેર અનુમોદના કરી. તેમના વિચાર અને જ્ઞાતિજનો પ્રત્યેના હેત ભાવની નોંધ લઈ અનુમોદના કરીએ છીએ.

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાના પાંચ સુવર્ણ પેટ્રોન થનાર દાતાઓ અને તેમના પ્રેરક બનનાર જ્ઞાતિ પરિવારની અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**શ્રીમતી ચેતના લાજેશ ખોના**

**કલ્પ એલ. ખોના**

કચ્છ-તેરા, મુલુંડ

**Haste:** Hiren Hemant Shah, Natasha H Shah, Mason & Chase H Shah
Hiten Hemant Shah, Jenifer H Shah ,
Jackson Kalp & Baby Avery Shah. Winnipeg, Canada.

**સંજીવની સુવર્ણ પેટ્રન** **Rs. 51,000**

માનવ ધર્મ પરોપકારનો પર્યાયી શબ્દ છે. એ સત્યને સાર્થક કરતા શ્રીમતી ચેતના લાજેશ ખોના, શ્રી કલ્પ લાજેશ ખોના આ પરિવારએ રૂા.૫૧ હજારનું ઉદાર અને અમૂલ્ય યોગદાન નોંધાવી સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે સહયોગ બન્યા છે. તેમના પુણ્ય કાર્યની અને જ્ઞાતિહિત ભાવના કદર કરી બહોળા મનભાવથી મોકળાશ ભેર અનુમોદના કરી. તેમના વિચાર અને જ્ઞાતિજનો પ્રત્યેના હેત ભાવની નોંધ લઈ અનુમોદના કરીએ છીએ.

।। જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

મુ.પો. વરાડીયા, તા. અબડાસા, જી. કચ્છ, પીન - ૩૭૦૪૯૦.







## સન્માન પત્ર

### શ્રી શરદ હેમરાજ કાનજી મોમાયા

(વરાડીયા - હુબલી)

અત્યારે ટાન્સપોર્ટ વ્યવસાયમાં વ્યસ્ત શ્રી શરદભાઇ ઘણી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

પ્રમુખઃ શ્રી કે.ડી.ઓ. એજ્યુકેશન ટ્રસ્ટ, હુબલી

ટ્રસ્ટીઃ શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ

સેકેટરીઃ શ્રી કે.ડી.ઓ. જૈન મહાજન, હુબલી

ઉપ પ્રમુખઃ JITO હુબલી ચેપ્ટર

ખજાનચીઃ હુબલી ધારવાડ ગુડ્સ એન્ડ લોરી ઓનર્સ એસોસિએશન

કમિટી મેમ્બરઃ શ્રી દક્ષિણ ભારત કે.ડી.ઓ. એકમ

મેનેજિંગ કમિટી મેમ્બરઃ કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિએશન.

(જુન ૨૦૦૮ થી કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિએશન સાથે સંકળાયેલા છે. આ સંસ્થાની પ્રગતિ માટે હુબલી ટીમનો નોંધનીય ફાળો છે. શરદભાઈ કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિએશનના સેકેટરી અને ઉપ પ્રમુખ રહી ચુક્યા છે).

એવા સામાજિક કાર્યોમાં તન મન ને ધન થી ભોગ આપનાર શ્રી શરદભાઈનું આ વરાડીયા સ્નેહ મિલનમાં સન્માન કરતાં અમો ગૌરવ અને હર્ષ ની લાગણી અનુભવીએ છીએ.

લિ.

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ વતી

શ્રી અમૃતલાલ લધાભાઇ મોમાયા - મેનેજીંગ ટ્રસ્ટી

મુલુન્ડ (મુંબઇ)  રવિવાર, તા. ૦૮.૦૧.૨૦૨૩

# પ.પૂ.સાધ્વીશ્રી જયગુણાશ્રીજી મ.સા. શાતાપૂર્વક કાળધર્મ પામ્યા



પૂ.સાધ્વીશ્રી જયગુણાશ્રીજી મ.સા. (ઉ.વ.૭૬)ની વયે અને દીક્ષા પર્યાયના ૫૭મા વર્ષે તા.૧૦ જાન્યુઆરી મંગળવારના બપોરે ૧.૪૫ કલાકે ઘાટકોપર ઈસ્ટ પરિસરના જીરાવલ્લા સંઘમાં નવકાર મંત્રનું સ્મરણ કરતાં શાતાપૂર્વક કાળધર્મ પામ્યા.

સંસારપક્ષે કચ્છ નાંગલપુરના માવિત્ર માતુશ્રી સુંદરબન મેઘજીભાઈ વેલજી બુરીચાના સદ્‌ગુણી પુત્રી વિક્રમ સંવત ૨૦૨૩ પોષ વદ ૫ નિધિ દિને નાંગલપુર મુકામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ સંયમ જીવનનું પ્રારંભ કર્યુ હતું.

બુધવાર તા.૧૧ જાન્યુઆરીના સવારે ૮.૩૦ થી ૯.૩૦ સુધી તેમના પાર્થિવ દેહને દર્શનાર્થે રાખવામાં આવ્યો હતો. ત્યારપછી ચડાવા બોલાવીને પાલખીયાત્રા સવારે ૧૦ વાગે ઘાટકોપર હિન્દુ સ્મશાનભૂમિ માટે નીકળી હતી. બહુસંખ્ય ભાવિક ભાઈ બહેનો નત મસ્તકે સજળ આંખો સાથે પૂજ્ય સાહેબના મુખારવિંદના અંતિમ દર્શન કર્યા હતા અને જય નંદા જય ભદ્રાના નારા લગાવી પાલખી યાત્રામાં સામેલ થયા હતા.

# પ.પૂ.સાધ્વીશ્રી યશપ્રભાશ્રીજી મ.સા.નો સંયમજીવનના ૫૭મા વર્ષમાં પ્રવેશ



કચ્છ કોઠારાના માવિત્ર ચંદનબેન દામજીભાઈ ધરમશીના દુલારા દુહિતા વિક્રમ સંવત ૨૦૨૩ના પોષ વદ પાંચમ તિથિ દિને નલિયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના પાવન હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી અરૂણાપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્ય તરીકે સંયમજીવન શરૂ કર્યું.

વિક્રમ સંવત ૨૦૭૯ના પોષ વદ પાંચમ તિથિ દિને પૂજ્ય સાહેબજી સંયમજીવનનો પ્રવાસના ૫૬ વર્ષ પરિપૂર્ણ કરી ૫૭ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો. આ પુનિત ઘડીએ સાહેબજીનો સંયમ પ્રવાસ અવિરત આગળ વધતો હીરક, પ્લેટિનિમ, ડાયમંડ થઈ આગળ વધી શતક શિખરે બિરાજે એ ભલી ભાવના સાથે વંદના.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

ACBL Estd. 1984

SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| HOME LOAN | CAR LOAN | eAUTO LOAN |
|---|---|---|
| *7.49% (p.a.) | *7.49% (p.a.) | *7.49% (p.a.) |

| GOLD LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY | TRADE LOAN |
|---|---|---|---|
| *7.70% (p.a.) | *7.75% (p.a.) | *7.75% (p.a.) | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# સંજીવની કેસ નં.૯૪ માટે રૂા.૧.૪૫ લાખ જમા કરવાનો છે પડકાર

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 94**

## DONATION NEEDED!

**Mr. VARDHAMAN L LUTHIA (SHAH)**

**Age: 67 - Nani Khavdi - Dombivali**

**Post Angiography needs urgent Heart Surgery (CABG).**




**DONATION REQUIRED**

**Rs. 1.45 Lakh**

**Bank Details:**
Name: Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
Bank : Bank of Baroda Branch : Mulund (West)
A/c.: 99630100021765
IFSC: BARB0DBMULW MICR : 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**

*Submit Aadhar & Pan card Copy.

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

૬૭ વર્ષીય વર્ધમાન એલ. લુઠિયા નાની ખાવડી ડોંબિવલી એ આરોગ્યની સમસ્યાને કારણે તબીબી ચેકઅપ કરાવ્યું ત્યારે તેમને કોરોનરી એન્જીયોગ્રાફી માટેની સલાહ આપવામાં આવી. જે ટેસ્ટ કરાવતા બહુવિધ અવરોધોને ધ્યાનમાં રાખીને તેમના તાત્કાલિક હાર્ટ સર્જરી - સીએબીજી કરવાની તબીબો એ સલાહ આપી.

દર્દી નિવૃત્ત છે જ્યારે તેમના પત્ની ભોજન શાળામાં રસોઈ બનાવવાનું કામ કરે છે. દીકરો મુંબઈમાં નાના પ્રકારની નોકરી કરે છે. પરિવારની કોઈ બચત નથી. નથી કોઈ વિમાનો કવચ તેઓની સારવાર માટે હૉસ્પિટલ માટે અંદાજિત ખર્ચ રૂા.૧.૪૫ લાખ અપાયો છે. ઉતરાયણ, મકરસંક્રાંતિની પવિત્ર પર્વમાં દાન-ધર્મ કરી પુણ્ય કમાવવાનો મહિમા છે અને લક્ષમાં રાખી નાના, જરૂરિયાતમંદ જ્ઞાતિબંધુનો સહારો બની અને તેમની સારવાર સત્વરે અને યોગ્ય રીતે પાર પડે એ માટે હાથ અને સાથ આપીએ.

સંજીવની યોજનામાં મદદ માટે અપાતી રકમ ૮૦જી હેઠળ કર લાભ મેળવવા માટે દાતાઓ પાનકાર્ડ અને આધારકાર્ડની ઝેરોક્સ નકલ આપવી જરૂરી છે.

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યૈ નમઃ ||

સંઘ પ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

કાર્યાલય : ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

## શ્રી સંઘના ઉપક્રમે

# સમુહ વર્ષીતપ પારણા મહોત્સવ

**સંવત ૨૦૭૯ વૈશાખ સુદી- ત્રીજ (અખાત્રીજ)**

**શનિવાર, તા. ૨૨/૦૪/૨૦૨૩ના રોજ**



**અચલગચ્છીય વર્ષીતપ આરાધકોના સમુહ વર્ષીતપ પારણા મુંબઈ મધ્યે યોજાશે.**

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિ, પ્રશમરસનિધિ
પ.પૂ.આ.ભ.શ્રી **મહોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. આદિ
પૂજ્ય ગણિવર્યો, સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાયેલ
ચતુર્વિધ સંઘના સમુહ વર્ષીતપ પારણા મહોત્સવમાં જોડાવવા...

**અચલગચ્છીય તપસ્વી આરાધકોને ભાવભર્યું આમંત્રણ છે.**

**સમુહ પારણામાં જોડાવા તપસ્વીઓએ નીચેના સ્થળેથી ફોર્મ મેળવી/ ભરી પાછું આપવા વિનંતી.**

- શ્રી સંઘ કાર્યાલય (ચીંચબંદર-મુંબઈ)
- શ્રી અનંતનાથ જિનાલય (કાથાબજાર-મુંબઈ)
- શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય (ઘાટકોપર-પૂર્વ)
- શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર (ઝવેર રોડ-મુલુંડ પશ્ચિમ)
- શ્રી સુમતિનાથ જૈન દેરાસર (મુલુંડ-પૂર્વ)
- શ્રી સુવિધિનાથ જિનાલય (ડોંબિવલી-પૂર્વ)
- શ્રી મલ્લિનાથ જિનાલય (જોગેશ્વરી-પૂર્વ)
- શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય (નાલાસોપારા-પૂર્વ)
- શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલય (વાશી-નવી મુંબઈ)
- શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય (માટુંગા-સે.રે.)
- શ્રી દહિંસર અચલગચ્છ જૈન સંઘ (મિસ્કિટા નગર) દહિસર પૂર્વ

**સંપર્ક : જિતેન્દ્રભાઈ : ૮૨૯૧૩૯૫૮૦૧ • પ્રવિણભાઈ : ૯૮૨૦૫૬૫૨૬૧**

**સર્વ વર્ષીતપ આરાધકોને વંદન કરી શાતા પૂછીએ છીએ, આપ સૌ તપસ્વીઓ શાતામાં હશો.**

**લિ. રતનલાલ દેવીચંદજી વડેરા પ્રમુખશ્રી**

# શ્રી દેવલાલી સંઘના નવલ સદગુણ નવગ્રહ ધ્યાનાલયનો ચતુર્થ ધ્વજારોહણ મહોત્સવ રંગેચંગે સંપન્ન



ધ્વજા રોહણ પહેલા ની વિધિઓ



મુખ્ય ધ્વજાના લાભાર્થીઓ

મહારાષ્ટ્ર રાજ્યના ખુશનુમા હવામાનથી પ્રસિદ્ધ હિલ સ્ટેશન દેવલાલી નગર સંઘમાં અત્યંત હર્ષોલ્લાસપૂર્વક તા.૮ જાન્યુઆરી રવિવારના દિને પોષ વદ બીજ તિથીએ તા.૯ જાન્યુઆરી સોમવાર પોષવદ ત્રીજ દિને શ્રી નવલ સદગુણ નવગ્રહ ધ્યાનાલયના નવ ભગવાન તથા શ્રી ગૌતમ સ્વામી અને અચલગચ્છાધિષ્ઠિકા શ્રી મહાકાલી માતાજીની ધન્યવંતી ચતુર્થ ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં રંગે ચંગે વાજતે ગાજતે વિધિ વિધાન ધર્મ આરાધનાઓ સાથે થયો.



પ્રતાપ વાટિકા અને સાધર્મિક ભક્તિના લાભાર્થીનું બહુમાન કરતા ટ્રસ્ટી

તા.૮ જાન્યુઆરી ૨૦૨૩ પોષ વદ બીજને રવિવાર સવારે શ્રી પ્રતાપ વાટિકા ઉદ્‌ઘાટન સમારોહનું લાભાર્થી પરિવાર શ્રીમતી અંજનાબેન પ્રતાપભાઈ ધરમશી, સુથરી-મુલુંડ હસ્તે થયું તથા બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર શ્રીમતી દમયંતીબેન ચાંપશીભાઈ શાહ લોખંડવાલા, સાંધવ-ઘાટકોપર હતા. બપોરે ૧૨.૩૯ વિજય મૂહુર્ત અઢાર અભિષેક થયા. ચોવિહારના લાભાર્થી પરિવાર માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી પરિવાર, લાલા-મુલુંડ-દુબઈ હતા. હૃદય પુલકિત થઈ જાય તેવી મહાકાલી માતાજીની ભાવના રાત્રે થઈ જેના લાભાર્થી પરિવાર માતુશ્રી વિજયાબેન કિશોરભાઈ કાનજીભાઈ ધુલ્લા, સુથરી-વાપી-વડોદરા હતા.



મહાકાલી માતાજીની ધ્વજાના લાભાર્થી પરિવાર

તા.૯ જાન્યુઆરી પોષવદ ત્રીજ તિથિ સોમવારના સવારે ૯ કલાકે સત્તરભેદી પૂજા, વાર્ષિક ચડાવા થયા, ધ્વજારોહણના લાભાર્થી પરિવાર તથા મુખ્ય ધ્વજા માતુશ્રી કાંતાબાઈ શીવજી મૈશેરી અને માતુશ્રી પુષ્પાબેન હંસરાજ ખોના પરિવાર હસ્તે અ.સૌ.નીલમબેન વિજય મૈશેરી નાની સિંધોડી-મુલુંડ, શ્રી ગૌતમસ્વામી માતુશ્રી તારાબેન મધુકાંત ખોના જખૌ ઘાટકોપર, મહાકાલી માતાજી માતુશ્રી વિજયાબેન કિશોરભાઈ કાનજીભાઈ ધુલ્લા પરિવાર સુથરી વાપી વડોદરા, નવકારશીના લાભાર્થી પરિવાર અ.સૌ.કલ્પનાબેન રાજીવભાઈ લુઠિયા રવા-મુલુંડ, બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર માતુશ્રી દમયંતીબેન રમેશચંદ્ર ખોના પરિવાર નલિયા-દેવલાલી.

# શ્રી દેવલાલી સંઘના નવલ સદગુણા નવગ્રહ ધ્યાનાલયનો ચતુર્થ ધ્વજારોહણ મહોત્સવ રંગેચંગે સંપન્ન



નાસિક સંઘના પદાધિકારીઓનું બહુમાન



ગૌતમ સ્વામીની ધ્વજાના લાભાર્થી પરિવાર

દ્વિદિવસીય ધ્વજા મહોત્સવ વિધિ વિધાનપૂર્વક વિધિકાર પ્રવિણભાઈ અને તેમની ટીમના સથવારે સંપન્ન થયું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી કલ્પનાબેન દિપકભાઈ ધરમશી, કોઠારા-નવી મુંબઈએ કરેલ.

પ્રમુખ રાજીવભાઈ લુઠિયા, દમયંતીબેન ચાંપશીભાઈ શાહ, કલ્પનાબેન ધરમશી, પિયૂષભાઈ ડાઘા, તિલેશભાઈ મૈશેરી, કેતનભાઈ લોડાયા, મધુકાંત ખોના, અશોક મોતા સર્વે ટ્રસ્ટીઓએ હાજર રહી શ્રી નવલ સદગુણા નવગ્રહ ધ્યાનાલય શ્રી અનંત આરોગ્ય નિધિ દેવલાલીના દ્વિદિવસીય ધ્વજા મહોત્સવ ઉમંગ સાથે યાદગાર રીતે સંપન્ન કરવા યોગદાન આપ્યું.

લી. શ્રી નવલ સદગુણા નવગ્રહ ધ્યાનાલય-શ્રી અનંત આરોગ્ય નિધિ દેવલાલી

# ગ્રાફોલોજિસ્ટ સરિતા ડાઘાને યુનાઈટ કોમ્યુનિટી દ્વારા બનાવાયેલ ટેબલ કેલેન્ડર પર સ્થાન મળ્યું

વરાડીયા સાયનના સૌ.સરિતા કેતન મહેન્દ્ર ડાઘા ગ્રાફોલોજિસ્ટ છે. મુંબઈની સંસ્થા યુનાઈટ કોમ્યુનિટી દ્વારા હાલમાં શરૂ થયેલ નવા વર્ષના ટેબલ કેલેન્ડર યુનિક યુ કેલેન્ડર ૨૦૨૩ દરેક માસના અલગ પાના ઉપર જુદા જુદા ક્ષેત્રોમાં પ્રવૃત્ત મહિલાઓના ફોટો પ્રિન્ટ થયેલ છે જેમાં જાન્યુઆરી માસ ૨૦૨૩ના કેલેન્ડર પેજ ઉપર સરિતા કેતન મહેન્દ્ર ડાઘાનો ફોટો પ્રિન્ટ કરાયો છે. આ વિશિષ્ટ સન્માન મેળવનારા સરિતા ડાઘા માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવારના છે.





| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કેડીઓ વેલ્ફેર એસોસિએશનની એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મિટીંગ

શ્રી કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનાના બંધારણમાં અગત્યના ફેરફાર માટે એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મિટીંગ ઈ.જી.એમ. રવિવાર તા.૨૧ જાન્યુઆરી બપોરે ૩.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુંડ મધ્યે બોલાવવામાં આવી છે.

કેડીઓ વેલ્ફેર એસોસિએશનના જનરલ બોડીના સર્વે ૫૦ સભ્યોની હાજરી આપવા વિનંતી કરાઈ છે.

અત્યારે સામાજિક સુરક્ષા યોજના આ પ્રમાણે છે.

સભ્ય પાત્રતા : ૫ થી ૫૦ વર્ષનો કોઈપણ જ્ઞાતિજન યોજનાનો નિયત કરાયેલ ફોર્મ ભરી જરૂરી ડોક્યુમેન્ટ પેન અથવા આધાર કાર્ડની કોપી જોડી અને રૂા.૨૨૦૦ ઓનલાઈન કે ચેક દ્વારા મોકલી મેમ્બર બની શકે છે.

સભ્ય થયા પછી એક વર્ષ બાદથી ૫૫ વર્ષની વય સુધી સભ્યનું અવસાન થાય તો નોમીનીને રૂા.૭૫ હજાર અપાય છે. જો આ ફેમિલી જરૂરતમંદ કેટેગરીમાં આવે તો જ્ઞાતિજનોની સહાયથી વધારાના રૂા.૭૫ હજાર સુધી અપાય છે. જો અકસ્માતથી અવસાન થયેલ હોય તો એક્સિડન્ટ ઈન્સ્યુરન્સના વધારાના રૂા.૭૫ હજાર મળશે. ૫૫ વર્ષની વય પૂરી થતા સભ્ય રીટાયર થાય છે અને બોનસ સહિત ડિપોઝીટ પરત કરાય છે.

છેલ્લા ૩૧ વર્ષથી અવિરત ચાલતી આ યોજનામાં તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૨ સુધી ૧૨૦૫૫ જ્ઞાતિજનો જોડાયા છે. ૪૧૭ અવસાનના ક્લેમ ચુકવાયા છે. ૩૯૧૮ રીટાયર થયા છે. એમાંથી નોન સ્પોન્સર્ડ મેમ્બરને બોનસ સાથે ડિપોઝીટ પરત કરાઈ છે. ૩૯૧૮ રીટાયર થયા છે અને હાલ ૭૭૨૦ સભ્યો રોલ પર છે.

જાન્યુઆરી ૨૦૨૩માં ૫૫ વર્ષથી નાના અવસાન પામેલ. ત્રણ જ્ઞાતિજનો સામાજિક સુરક્ષા યોજનાના મેમ્બર હતી અને એમના નોમિની પાસેથી અરજી તથા ડેથ સર્ટિફીકેટ સહિત જરૂરી ડોક્યુમેન્ટ મંગાવેલા છે.

---

# સાયન હૉસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓના સગાઓ માટે ફ્રી ટિફીન સેવા

શ્રી કિકાભાઈ હૉસ્પિટલ સાયન તથા લાયન્સ તારાચંદ બાપા હૉસ્પિટલ સાયન બીએમસી હૉસ્પિટલ સાયનમાં એડમિટ થયેલ.

હિંદુ અને જૈન દર્દીઓના સગાઓ માટે ફ્રી ટિફીન સેવા રૂા.૫૦૦ની રિફંડેબલ ડિપોઝીટ લઈને અપાય છે. ટિફીનમાં જ રોટલી, ૧ વાટકો દાળ, ૧ વાટકો શાક, ૧ વાટકો ભાત અને ૧ ગ્લાસ છાશ.

તમારું પોતાનું ટિફીન અને છાશ માટે બોટલ લાવવી અથવા ફોનથી સરનામું મેળવી એમના ઘરે જમી આવવું.

એક દિવસ અગાઉથી જણાવવું જરૂરી છે. સંપર્ક બિન્દુબેન ભેદા ગામ કપાયાવાળા મો.નં.૯૮૬૭૭૧૫૫૩૩.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# મહાકાલી માતાના પાવાગઢ મંદિરના રંગ મંડપમાં અનંત મિત્ર મંડળ ભાંડુપના સથવારે ભાંડુપની જૈન નારી શક્તિ રાસ ગરબા લઈ માતૃ ભક્તિ કરી





મહાકાળી માતાનું આરાધ્ય સ્થાન પાવાગઢ મુખ્ય તીર્થ છે જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાવાગઢ ડુંગરની ટોચ ઉપર દસ બાય દસ ફુટના મંદિરને મોટુ જહાજ મંદિર બનાવી સુવિધાપૂર્ણ બનાવી લોકાર્પણ કર્યુ છે. ૫૦૦-૬૦૦ વર્ષ પછી પહેલી વાર મંદિર ઉપરથી દરગાહને નીચે કમ્પાઉન્ડમાં જગા ફાળવી મંદિરના શિખર માટે માર્ગ મોકળો કરાવી વિશાળ ચોક સહિત શિખરબંધ મંદિરનું નિર્માણ કરાવ્યું અને મોદીજીએ પ્રથમવાર પોતાના હાથે ઐતિહાસિક મંદિરના શિખરે ધજા ચડાવી.



મંદિર પ્રવેશ પહેલાના ૨૦૦ જેટલા મોટા મોટાને ચડાવામાં મુશ્કેલી પગથિયાઓને બદલે સાઈડમાં નાના નાના પગથિયાવાળો રસ્તો બની જતા હવે યાત્રા સાનુકુળ બની છે. વિશેષ સુવિધા માટે હજુ કાર્ય ચાલુ છે. આ મહાકાળી માતાજીના શક્તિપીઠ તીર્થ મંદિરના રંગમંડપમાં વર્ષો પછી પ્રથમ વખત રાસ ગરબા થયા. આ ઈતિહાસ બનાવવાનું માન મેળવનાર ભાંડુપની જૈન નારી શક્તિ છે જે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપના સથવારે મન મુકી મા ના મંદિરની અંદર જ રાસ ગરબા લઈ મા ની ભક્તિ કરી. મંડળની બહેનો સાથે બીજી અન્ય યાત્રાળુ બહેનો પણ રાસ ગરબામાં જોડાઈને સાથ આપ્યો. મંડળના મેમ્બરોએ પણ મન મુકીને ગરબા લેવાનો લ્હાવો લીધો.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**શાંતાબેન સોની**
તા.૭ જાન્યુ. (ઉ.૭૮)
વાકું-ભુજ



**દિનેશ લોડાયા**
તા. ૯ જાન્યુ. (ઉ.૫૩)
રાપર-ડોંબિવલી



**ધનપતિ મૈશેરી**
તા.૧૦ જાન્યુ. (ઉ.૬૫)
ગોધરા-ગોધરા



**પદમીની લોડાયા**
તા.૧૦ જાન્યુ. (ઉ.૭૭)
સાંયરા-કાંજુરમાર્ગ(પૂ)



**પરેશ ધુલ્લા**
તા.૧૦ જાન્યુ. (ઉ.૫૬)
ભરૂડીયા-ડોંબિવલી(પૂ)



**પ્રવિણ મોતા**
તા.૧૧ જાન્યુ. (ઉ.૭૬)
કુઆપધર-ગોરેગામ(પ)



**ખુશ નાગડા**
તા. ૧૨ જાન્યુ. (ઉ.૨૮)
નલિયા-અમદાવાદ



**શોભના ધરમશી**
તા.૧૩ જાન્યુ. (ઉ.૭૯)
સાંધાણ-ગાંધીનગર



**વીરેન્દ્ર મોતા**
તા.૧૪ જાન્યુ. (ઉ.૭૧)
વારાપધર-હૈદ્રાબાદ



**શર્મીલા લોડાયા**
તા.૧૪ જાન્યુ. (ઉ.૫૪)
દલતુંગી-ડોંબિવલી(પ)

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિક્રમસર્જક રીતે ૧૫૬ બેઠકો મેળવી ભાજપએ જંગી બહુમતિ હાંસિલ કરી છે. વિવિધ સૂત્રો, ચૂંટણી નારા અને ચૂંટણી ગીતો દ્વારા જનતાના હૈયે જગા પામવા અનેક તરીકા પક્ષએ સફળતાપૂર્વક કર્યા હતા. કચ્છ ગુજરાત અને ભારતના વિકાસની વાત રજૂ કરતું જાણીતા કચ્છી સર્જક કવિ મદનકુમાર અંજારિયા ખ્વાબ રચિત ચૂંટણી લક્ષી ગીત જે ''પોકળનો કર્યો પર્દાફાશ, પાથર્યો પરિશ્રમનો પ્રકાશ, સૂત્રને સાર્થક કર્યું સબકા સાથ, સબકા વિકાસ, વિકાસ વચન પાલક વકતાની હર વાત ઝળહળે છે ગુજરાત ઝળહળે છે.'' જેવા શબ્દો સાથેનું આ ગીત વડોદરાના ગાયક ઉમેશ બારોટએ સંગીત બધ્ધ કરીને ગાયું છે. પરિકલ્પના જાણીતા કચ્છી કલાકાર પંકજ ઝાલાએ આપી હતી. આકાશ વાણી ભુજના નિવૃત્ત અધિકારી મદનકુમાર અંજારિયા ખ્વાબ અગાઉ પણ અનેકવાર ગુજરાતના વિકાસ કચ્છના રણોત્સવ જેવા વિષયો પર ગીત લખી ચૂક્યા છે.

● અબડાસા તાલુકાના ડુમરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સંચાલિત ફરતાં દવાખાનાની સેવા કંડમ વાહનના ભોગે બંધ થઈ જતાં ૩૬ ગામના લોકો મુશ્કેલીમાં મુકાયા છે. અબડાસા તાલુકામાં આરોગ્ય સેવા નહીંવત હોવાથી જિલ્લા પંચાયત સંચાલિત ડુમરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ફરતું દવાખાનું શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૩૬ ગામના લોકોને ઘર બેઠાં આરોગ્ય સુવિધા પ્રાપ્ત થતી હતી. પરંતુ આ ફરતાં દવાખાનાનું વાહન જર્જરિત થઈ જવાથી કોરોના કાળ દરમ્યાનથી સેવા ઠપ થઈ ગઈ હોવાનું ડુમરા વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા જણાવાયું છે. ગામડાના દર્દીઓ માટે સંજીવની સમાન ફરતાં દવાખાનાનું વાહન કંડમ થયા બાદ રિપેર થઈ શકે તેમ ન હોવાથી જિલ્લા પંચાયત દ્વારા આ વાહન પરરત ખેંચી લેવાયું હતું. પરંતુ તેના વિકલ્પે અન્ય કોઈ સુવિધા ન ગોઠવાતાં ગામડાના લોકોને આરોગ્ય સેવા માટે ખાનગી વાહનોના મોંઘા ભાડા ખર્ચી દૂરદૂરના ગામોમાં જવું પડે છે. ફરતાં દવાખાનો ડ્રાઈવર છે પણ વાહન નથી તેથી આ વિસ્તાર માટે તાત્કાલિક વાહન ફાળવવામાં આવે એવી લોક માંગ છે.

● ભુજ માધાપર હાઈવે ખાતે પ્રચાર પ્રસાર વિના અનોખી સેવા પ્રવૃત્તિ ચાલી રહી છે. જેમાં ભુજ તથા આસપાસના ગામોની શેરી ગલીના ઈજાગ્રસ્ત કે માંદા શ્વાનની નિઃસ્વાર્થ નિઃશુલ્ક સેવા કરાય છે. સાડા ચાર વર્ષ અગાઉ શરૂ કરાયેલી પપ્પી કડલ્સ સેન્ટર સંસ્થા દ્વારા ઘાયલ કે બીમાર શ્વાનોને દવા, ભોજન સારવાર સાથે સ્વસ્થ કરાય છે અને તેના મૂળ વિસ્તારમાં પરત મૂકી દેવાય છે. આ ઉપરાંત કે કૂતરાને રાખવા માલિક અસમર્થ હોય તેમને પણ અહીં રખાય છે. તેમજ સોશિયલ મિડીયાના માધ્યમથી આ પાલતુ શ્વાન માટે નવા માલિકની શોધ પણ કરાય છે. આ શ્વાનને રાખવા તૈયાર થનારાઓની પૂરતી વિગતો સ્થળ નિરીક્ષણ સાથે આધાર કાર્ડ, બાંહેધરી પત્રક મેળવ્યા બાદ જ સોંપણી કરાય છે. સમયાંતરે ફરી પાછા શ્વાનની સ્થિતિ તપાસવા પણ જતા હોય છે.

● જમ્મુ સરહદથી ભુજ સુધીની બીએસએફની સાઈકલ યાત્રા રાપર તાલુકાના સરહદી ગામમાંથી કચ્છમાં પ્રવેશી હતી. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપવાના હેતુથી તેમજ વ્યસન મુક્તિ અને શારીરિક સ્વાસ્થ્ય અંગે યુવાનો અને શાળાના બાળકોમાં જાગૃતિ લાવવાના હેતુથી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સાઈકલ રેલી યાત્રામાં ૩ અધિકારી, ૪ તાબાના અધિકારી, ૩૧ અન્ય વ્યક્તિ છે. જેમાં ૧૮ સાઈકલ સવાર છે. વાવ થઈને યાત્રા રાપરમાં પ્રવેશી હતી.

● કચ્છ યુનિવર્સિટીનો ૧૨ પદવીદાન સમારોહમાં કચ્છી ભાષાના જતન અને વિકાસમાં યોગદાન આપનાર કર્મઠ સાહિત્યકારો પદમશ્રી નારાયણ જોષી કારાયલ અને ઉમિયા શંકર અજાણીને ડોક્ટરેટની માનદ્ પદવી એનાયત કરાઈ. આવી રીતે માનદ પીએચડીની ડિગ્રી આપવાની પહેલ કચ્છ યુનિવર્સિટી દ્વારા પ્રથમ વખત થઈ છે.

# ઉદાર હાથે સહાય કરો

## અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO दिव्यांग

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)